# જમીન વિહોણા મજૂરો અને ગ્રામ્ય કારીગરોને રહેણાંકના મફત પ્લોટ આપવાની યોજના માટેની તાલુકા લેન્ડ કમીટી અને જિલ્લા લેન્ડ કમીટીની બેઠક બોલવવા બાબત

ગુજરાત સરકાર
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૧૫-૫૨૦-લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૪/૦૪/૨૦૧૫

વંચાણે લીધા :

(૧) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૬/૧૨/૧૯૮૮ નો ઠરાવ ક્રમાંક :મફત/૧૦૮૮/૨૮૭૯/લ

(૨) પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૨૫/૮/૨૦૧૪ નો ઠરાવ ક્રમાંક : મફત/૧૦૨૦૧૪/૧૩૧૭/લ

પરિપત્ર :-

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના વંચાણે લીધેલ - (૧) માં જણાવેલ ઠરાવથી ગ્રામ્ય વિસ્તારમાં રહેતા જમીન વિહોણા ખેતમજૂરોને અને ગ્રામ્ય કારીગરોને ૧૦૦ ચો.વારના ઘરથાળના પ્લોટ મફત આપવાની યોજના જાહેર કરવામાં આવેલ છે. આ ઠરાવમાં પ્લોટ ફાળવવાની પધ્ધતિ અને તેના માટેની તાલુકા કક્ષાની તાલુકા લેન્ડ કમીટી અને જિલ્લા કક્ષાની જિલ્લા લેન્ડ કમીટીની રચનાને લગતી જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યાર બાદ વંચાણે લીધેલ (૨) માં જણાવેલ ઠરાવથી ગાંધીનગર અને ડાંગ જિલ્લાના તથા ત્યાર બાદ રચાનાર જિલ્લા/તાલુકા પંચાયતના લાભાર્થીઓ પાસેથી અરજીઓ મેળવ્યા પછી મફત ઘરથાળના પ્લોટ આપવાની આ યોજના હેઠળ ફાળવવા માટેની તાલુકા લેન્ડ કમીટી તથા જિલ્લા લેન્ડ કમીટીનું બંધારણ નીચે મુજબ રાખવાનું ઠરાવવામાં આવેલ છે.

તાલુકા લેન્ડ કમીટી :-

આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

૧. તાલુકા પંચાયતના પ્રમુખશ્રી - અધ્યક્ષશ્રી
૨. મામલતદારશ્રી - સભ્યશ્રી
૩. તાલુકા વિકાસ અધિકારીશ્રી - સભ્યસચિવશ્રી
૪. જે તે તાલુકામાં સમાવિષ્ટ વિસ્તારના ધારાસભ્યશ્રી - સભ્યશ્રી
૫. તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી - સભ્યશ્રી

જિલ્લા લેન્ડ કમીટી :-

આ સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. | જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી | – | અધ્યક્ષશ્રી |
| ૨. | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | – | સભ્યસચિવશ્રી |
| ૩. | નિવાસી અધિક કલેકટરશ્રી | – | સભ્યશ્રી |
| ૪. | સંબંધિત વિસ્તારના ધારાસભ્યશ્રી | – | સભ્યશ્રી |
| ૫. | જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષશ્રી | – | સભ્યશ્રી |

ઉપરોકત ઉલ્લેખીત બંને ઠરાવોની જોગવાઈ મુજબ તાલુકા લેન્ડ કમીટીની બેઠક એક ચોકકસ દિવસે મળવી જોઈએ તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. પરંતુ અનુભવે જણાયું છે કે તાલુકા કક્ષાએ આ કમીટીની બેઠક નિયમિત મળતી નથી. તાલુકા લેન્ડ કમીટીની બેઠકો નિયમિત મળતી ન હોવાને કારણે પાત્રતા ધરાવતા લાભાર્થીઓને લાંબા સમય સુધી સમયમર્યાદામાં આ યોજનાનો લાભ મેળી શકતો નથી. આ બાબતે વિધાનસભા સમક્ષ તેમજ અધિકારી/પદાધિકારીઓ સમક્ષ પ્રશ્નો/રજૂઆતો ઉપસ્થિત થતી હોય છે આ બાબતને ધ્યાને લઈ તાલુકા/જિલ્લા લેન્ડ કમીટીની બેઠક નિયમિત મળે અને આ બેઠકનો ચોકકસ એજન્ડા, કોરમ અને ચોકકસ સમય નકકી કરવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવા માટે આથી સૂચનાઓ આપવામાં આવે છે.

(૧) સમય :-

(૧) દર માસના પહેલા શનિવારે લેન્ડ કમીટીની બેઠક ફરજિયાતપણે બોલાવવાની રહેશે.

(૨) તાલુકા લેન્ડ કમિટીના અધ્યક્ષ તરીકે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી છે પરંતુ અનિવાર્ય સંજોગોમાં જો તેઓશ્રી ગેરહાજર હોય તો સમિતિના સભ્યો પૈકી તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેનશ્રીની અધ્યક્ષતામાં બેઠક બોલાવવાની રહેશે.

(૨) કોરમ :- તાલુકા લેન્ડ કમીટીની બેઠક માટે ત્રણ સભ્યોનું કોરમ નકકી કરવામાં આવે છે. તાલુકા લેન્ડ કમીટીની બેઠક નિયમિત રીતે મળે તે અંગેની જવાબદારી કમીટીના સભ્યસચિવશ્રીની રહેશે. આ કમીટીની બેઠકની કાર્યવાહી નોંધ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સમયમર્યાદામાં મોકલવાની રહેશે.

(3) એજન્ડા :- તાલુકા લેન્ડ કમીટીની બેઠકનો એજન્ડા નીચે મુજબનો રહેશે.

(૧) ગત બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવી
(૨) ગત બેઠકની કાર્યવાહી નોંધ/ગત બેઠકમાં લેવાયેલ નિર્ણયોની અમલવારીની સમીક્ષા
(૩) મફત પ્લોટ ફાળવણી માટે આવેલ નવી અરજીઓ અંગેનો નિર્ણય
(૪) તાલુકામાં પ્લોટ વિહોણા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પ્લોટ ફાળવવા અંગેના આયોજન અંગેની કાર્યવાહીની સમીક્ષા
(૫) પ્લોટ ફાળવણી થયા બાદ તેના પ્રત્યક્ષ કબજા અને સનદ આપવા અંગેની કામગીરીની સમીક્ષા
(૬) તાલુકામાં ફાળવવામાં આવેલ મફત પ્લોટ ઉપર નિયત સમયમર્યાદામાં આવાસોનું બાંધકામ કરવામાં આવેલ ન હોય તેવા ખાલી રહેલ પ્લોટ અંગેની વિચારણા
(૭) મફત પ્લોટ ફાળવણી અંગે ગામતળ વધારવા અંગેના તેમજ જમીન સંપાદન અંગેના પ્રકરણો અને તે અંગે કરવામાં આવેલ કાર્યવાહીની સમીક્ષા
(૮) ફાળવેલ પ્લોટ ઉપર મકાન બાંધકામ યોજનાની પ્રગતિની સમીક્ષા

<u>જિલ્લા લેન્ડ કમીટી :-</u>

જિલ્લા લેન્ડ કમીટીની બેઠક દર ત્રણ માસે નિયમિત રીતે ફરિજયાતપણે મળશે. આ કમીટીના કાર્યો નીચે પ્રમાણે રહેશે.

(૧) તાલુકા લેન્ડ કમીટીમાં થયેલ નિર્ણયોથી અસંતુષ્ટ અરજદારે જિલ્લા લેન્ડ કમીટીમાં કરેલ અપીલનો નિર્ણય કરવો
(૨) તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ પ્લોટ મુજબ કબજા/સનદની કરવામાં આવેલ કાર્યવાહીની સમીક્ષા
(૩) મફત પ્લોટ માટે જિલ્લામાં ચાલતા ગામતળ/જમીન સંપાદનના કેસોની સમીક્ષા કરવી
(૪) રાજ્ય સરકારની આવાસ નિર્માણને લગતી જુદી જુદી યોજનાઓની પ્રગતિની સમીક્ષા.

ઉપર જણાવ્યા મુજબ તાલુકા લેન્ડ કમીટી અને જિલ્લા લેન્ડ કમીટીની બેઠકો નિયમિત રીતે મળે તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અંગત ધ્યાન આપી કામગીરી કરવાની રહેશે તેમજ આ બંને કમીટીના કાર્યોની સમીક્ષા દર મહિને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ અચૂકપણે કરવાની રહેશે. બંને કમીટીની મીટીંગ અંગેની માહિતી/અહેવાલ પંચાયત વિભાગને તેમજ વિકાસ કમિશ્નરશ્રીની કચેરીને નિયમિત રીતે પહોંચાડવાની જવાબદારી જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે.

ઉપરોકત વંચાણે લીધેલ-(૧) અને (૨) હેઠળના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

(આઈ.એમ.શેખ)
સંયુકત સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માન.મુખ્ય મંત્રીશ્રીના અધિક અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રી, રા.ક.મંત્રીશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પં.) નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, સેકટર-૧૦, ગાંધીનગર
- હાઉસીંગ કમિશ્નરશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ,ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા અને હળપતિ ગૃહ નિર્માણ બોર્ડ, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (પંચાયત), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી (બજેટ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલ અમદાવાદ / રાજકોટ
- સીસ્ટમ મેનેજરશ્રી, પં.ગ્રા.ગૃ.નિ. અને ગ્રા.વિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ તથા પ્રસ્તુત ઠરાવ પંચાયત વિભાગની વેબસાઈટ પર મૂકવા કાર્યવાહી થવા સારુ
- શાખા સિલેકટ ફાઈલ